गुजरात विधानसभा

માનનીય અધ્યક્ષ શ્રી,

આ વર્ષ 2024-25 નું બજેટ
વિકસીત ભારત-2047 નું જે
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી જી
ના લક્ષ્યને ધ્યાનમાં રાખીને
એમાં સહભાગી થવા માટે
વિકસીત ગુજરાત-2047 નું
નિર્માણ કરવા માટે ઐતિહાસીક
રૂ. 3 લાખ 32 હજાર 465 કરોડનું
બજેટ નું માનનીય મુખ્યમંત્રી શ્રી
ભુપેન્દ્રભાઇ પટેલ જીના નેતૃત્વમાં
માનનીય નાણામંત્રી શ્રી. કનુભાઇ
દેસાઇ જી દ્વારા લાવવામાં આવ્યું
છે ત્યારે ...

गुजरात विधानसभा

માનનીય અધ્યક્ષ શ્રી,

સામાજીક વ્યવસ્થાઓનું ઉત્થાન માટે કાર્ય કરતું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ માટે કુલ રૂ. 6,193 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

જે માટે આ ગૃહ સમક્ષ હું મારા વિચારો વ્યક્ત કરું છું

માનનીય અધ્યક્ષ શ્રી,

~~20~~. 25.30 વર્ષ પહેલા આ સમાજના જરૂરિયાતમંદ, નબળા અને વંચિત વર્ગ માટેની વ્યવસ્થાઓની વાત કરવામાં આવે તો..

તે વખતના સમયમાં ફક્ત અને
ફક્ત ગરીબી હટાવોના નારા
લગાવવામાં આવતા.. પરંતુ શું
ફક્ત ગરીબી હટાવોના નારા
લગાવવાથી ગરીબી દૂર થાય ?

માનનીય અધ્યક્ષ શ્રી,

જરૂરિયાતમંદ, નબળા, અને
વંચિત વર્ગોને સાચા અર્થમાં
ગરીબી માંથી દૂર કરવા હોય.
એ પરિસ્થિતિ માંથી બહાર
લાવવા હોય તો એ માટે
સરકાર દ્વારા સુવ્યવસ્થિત વ્યવસ્થાઓ
કરવી જોઇએ. પરંતુ આદરણીય
માનનીય અધ્યક્ષ શ્રી,
તે વખતની સરકારોએ ફક્ત
નારા લગાવ્યા પરંતુ સાચા
અર્થમાં એ પ્રકારની વ્યવસ્થાઓ

ઉદ્ધાર પણ કરવામાં આવતી ન હતી.

માનનીય અધ્યક્ષ શ્રી,

મને ગૌરવ સાથે કહેવું છે કે જ્યારથી આ ગરવી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સુકાન સંભાળી છે. ત્યારથી કરીને આજ દિન સુધી દર વર્ષ સામાજિક વ્યવસ્થાઓમાં વધારો કરીને સારા અર્થમાં જરૂરિયાતમંદ સમાજોને વ્યવસ્થાઓ પૂરી પાડી ~~અને~~ લોકોને દરેક પ્રકારની ~~વ્યવસ્થાર~~ સુવિધાઓ પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થાઓ બનાવી એ સમાજો ~~ના~~ ના ઉત્કર્ષ માટે કાર્ય કર્યું છે.

માનનીય અધ્યક્ષ શ્રી,
ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સાચા અર્થમાં સમાજના લોકોની સમસ્યા શું છે? એમની જરૂરિયાત શું છે? એ જાણીને એમની જરૂરિયાત પુરી કરવા માટે અલગ-અલગ પ્રકારની યોજના બનાવી અને એ યોજનાઓ રૂપી સહાય લોકો સુધી પંહોચાડવાનું કાર્ય કરવામાં આવે છે. અને આ કાર્ય ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ કાર્ય ~~એટલું~~ રાજ્યની સાથે-સાથે કેન્દ્રમાં એટલું દ્રઢતાની સાથે કરવામાં આવ્યું છે. કે છેલ્લા 10 વર્ષમાં ભારતના દેશના 25 કરોડ લોકો સાચા અર્થમાં ગરીબી માંથી બહાર આવ્યા છે.

આમને કહેવાય, ગરીબી હટાવી..
અને સાચા અર્થમાં ગરીબી
દૂર થઇ છે. આ વાત લોકોએ
સ્વીકારી છે. એટલે જ લોકોએ
પણ વારંવાર ભારતીય જનતા
પાર્ટી ને જ આશીર્વાદ આપ્યા છે.
એનું પ્રમાણ ~~આપે~~ આપણાં
આ ગૃહમાં પણ જોઇ શકીએ
છીએ અને ખૂબ જ ટૂંક સમયમાં
ફરી એક વાર - મોદી સરકાર
આપણે કેન્દ્રમાં પણ જોઇશું.

**શ્રી ...........**

**માન.ધારાસભ્યશ્રી, ........**

**માન.અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની યોજનાઓ ઉપર મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજુ કરવા માંગુ છું.

**માન.અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતી ડૉ.આંબેડકર વિદેશ અભ્યાસ લોનયોજનાની વાત કરૂ તો...

ડૉ.બાબાસાહેબ આંબેડકરને વિદેશમાં અભ્યાસ કરવા માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે લોન અને શિષ્યવૃત્તિ આપીને વિદેશમાં મોકલ્યા હતા. આ બાબતને લક્ષમાં લઇને આ સરકારે વિદેશ અભ્યાસ માટે લોનની યોજના દાખલ કરી હતી. અનુ.જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ વિદેશમાં જઇને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આર્થિક મુંઝવણો અનુભવતા હતા. વિદેશમાં અભ્યાસનો ખર્ચ, રહેવા જમવાનો ખર્ચ આ બધા માટે સગવડ કરવી ખુબ મુશ્કેલ બાબત હતી. વર્ષ ૧૯૯૮-૯૯ માં ભા.જ.પ. સરકારે શરૂઆતમાં રૂ!.૫.૦૦ લાખની લોન માત્ર ૪ ટકાના વ્યાજના દરે આપવાનું નકકી કર્યુ હતુ. તેમાં બમણો વધારો કરીને રૂ!.૧૦.૦૦ લાખ કર્યા હતા. તેમાં પણ વર્ષ ૨૦૧૪-૧૫માં વધારો કરીને હવે રૂ!.૧૫-૦૦ લાખ કરવામાં આવ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

છેલ્લા દસ વર્ષમાં રૂ.૩૨૨.૪૪ કરોડનો ખર્ચ કરી ૨૧૯૧ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન આપવામાં આવેલ છે.

વિદેશ અભ્યાસ લોન યોજના માટે ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧૭૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલની વાત કરૂ તો....**

ગુજરાતના વિકાસ પુરૂષ તત્કાલિન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબએ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ ભાગ રૂપે સમરસ છાત્રાલયો બાંધવાનું નકકી કરવા એક ઉમદા અભિગમ દાખવ્યો હતો. અને તે અભિગમ મુજબ રાજયની તમામ યુનિવર્સીટીના કેમ્પસમાંરહેવા-જમવાની અધતન સગવડવાળા જેમાં ઉત્તમ પ્રકારની લાયબ્રેરી હોય, કોમ્પ્યુટર લેબ હોય, પ્રાર્થના ખંડ હોય તેવા ૧૦-૧૦ માળના હોસ્ટેલો બાંધવા આ હોસ્ટેલોમાં સામાજીક સમરસતાના ભાગરૂપે અનુસૂચિત જાતિ, આદિજાતિ, બક્ષીપંચ અને અન્ય વર્ગોના વિદ્યાર્થીઓ એકસાથે રહી શકશે.

**માન.અધ્યક્ષશ્રી,**

આ સમરસ હોસ્ટેલોના બાંધકામ માટે રાજય સરકારે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, ભુજ, જામનગર, હિંમતનગર અને પાટણમાં અનુ.જાતિ/ અનુ.જન જાતિ/ ઓ.બી.સી, તથા આર્થિક રીતે પછાત વર્ગના એમ કુલ **૧૩૦૦૦** છાત્રોને પ્રવેશ આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

**ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાયની વાત કરૂ તો....**

અનુસુચિત જાતિ અને હિન્દુધર્મ પાળતા અનુસૂચિત જાતિ સિવાયની અન્ય વ્યકિત વચ્ચે ડૉ.સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી યુગલદીઠ રૂ.૨૫,૦૦૦/-ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ. ૨૫,૦૦૦/- ઘરવખરીના સાધનો ખરીદવા એમ કુલ રૂ. ૫૦,૦૦૦ /- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) સહાય આપવામાં આવતા હતી.

વર્ષ ૨૦૧૭-૧૮ થી રૂ.૫૦,૦૦૦/- સહાયમાં વધારો કરી રૂ.૧.૦૦ લાખ સહાયઆપવામાંઆવેછે, જેમાં રૂ.૫૦,૦૦૦/ ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ.૫૦,૦૦૦/ ઘરવખરી ખરીદવા સહાય આપવામાં આવે છે.

વર્ષ-૨૦૨૨/૨૩ માં સુધારો કરી રૂ.૧,૦૦,૦૦૦/ના રાષ્ટ્રીય બચતપત્રો અને રૂ.૧,૫૦,૦૦૦/ ઘરવખરી ખરીદવા કુલ રૂ.૨,૫૦,૦૦૦/ની સહાય આપવામાં આવે છે.આ યોજનામાં કોઈ વાર્ષિક આવક મર્યાદા નથી.

વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૨૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

છેલ્લા દસ વર્ષમાં રૂ.૫૬.૩૫ કરોડનો ખર્ચ કરી ૭૨૪૩ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ચાલતી કુંવરબાઈનું મામેરૂ યોજનાની વાત કરૂ તો...

અનુસૂચિત જાતિના ગરીબ પરીવારોમાં દિકરી મોટી થાય અને પરણવા લાયક થાય ત્યારે ગરીબ મા-બાપની ચિંતા વધી જતી હોય છે. દેવુ કરીને પણ દિકરીના પ્રસંગો કાઢવા પડે છે. આવા ગરીબ પરીવારોને તેમની દિકરીના લગ્ન પ્રસંગે સરકાર કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય કરે છે.

વર્ષ ૧૯૯૫થી અનુસૂચિત જાતિની કન્યાઓનાં લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આર્થિક રીતે મદદરૂપ થવાનાં હેતુસર કુંવરબાઈનું મામેરૂ યોજના અમલમાં મુકેલ છે.આ યોજના હેઠળ રૂા.૫,૦૦૦/-ની સહાય આપવામાં આવતી હતી.

આ યોજનામાં વર્ષ- ૨૦૧૨-૧૩થી બમણો વધારો કરીને રૂા.૧૦,૦૦૦/-ની સહાય તથા વર્ષ- ૨૦૧૪-૧૫થી એક દિકરીના બદલે બે દિકરી સુધી સહાય આપવાનો નિર્ણય પણ આ સરકારે કર્યો છે.

આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં રૂ.૧૦,૦૦૦/- સહાયમાં રૂ.૨૦૦૦/-નો વધારો કરી રૂ.૧૨,૦૦૦/- સહાય આપવાનો નિર્ણય કરેલ છે.

આ યોજનામાં રૂ.૬.૦૦ લાખ વાર્ષિક આવક મર્યાદા છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૧૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

છેલ્લા દસ વર્ષમાં રૂ.૭૧.૩૮ કરોડનો ખર્ચ કરી ૬૮૭૮૫ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે.

REDMI NOTE 9 PRO MAX
AI QUAD CAMERA